**<u>મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં.૧૯૦૪૩/૨૦૧૮**
**(જુનો ફોજદારી કેસ નં.૧૨૫૮/૨૦૧૨)**
**આંકઃ-૭**

**ફરિયાદીઃ- નામદાર સરકારશ્રી તરફે શ્રી પી.એચ. પટેલ**
**કારખાના નિરીક્ષક, અમદાવાદ.**

**વિરુદ્ધ**

**આરોપીઃ- શ્રી મયંકભાઈ અમ્રતલાલ સુથાર (ડાયરેક્ટર)**
**જે.એમ.સી.પેપર ટેક પ્રા.લી,(યુનિટ-૨)**
પ્લોટ નં.૫૧૨/૨/૧, એન.એ. એક્ષપોર્ટની બાજુમાં,
ફેઝ-૪, જીઆઈડીસી વટવા, અમદાવાદ.

**ગુન્હોઃ- ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ની કલમ-૫૪ નાં ભંગ બદલ કારખાના અધિનિયમ ૧૯૪૮ની કલમ-૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

---

ફરિયાદી તરફે.. ગેરહાજર
આરોપી તરફે.. પ્રતિનિધિ શ્રી સંદીપ એસ. ગાંધી.

---

**<u>-:: ઠ રા વ ::-</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ સદરહુ કારખાનાની **તા.૩૦-૦૬-૨૦૧૨** નાં રોજ મુલાકાત લેતા, આરોપીએ **ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ની કલમ-૫૪ ભંગનો** ગુનો કરેલ છે. જે કારખાના અધિનિયમ-૧૯૪૮ ની **કલમ-૯૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝ્ડ પર્સન **શ્રી જીગ્નેશભાઈ જોઈતારામ પટેલ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ

રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી જીગ્નેશભાઈ જોઈતારામ પટેલ** એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદાર વતી તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન **શ્રી જીગ્નેશભાઈ જોઈતારામ પટેલ** ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝ્ડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે **ગુજરાત કારખાનાના નિયમો ૧૯૬૩ ની કલમ-૫૪ નાં ગુનાનાં ભંગ** બદલ **કારખાના અધિનિયમ ૧૯૪૮ ની કલમ-૯૨** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને **રૂા-૨,૦૦૦/-( અંકે રૂપિયા બે હજાર પુરા ) નો દંડ**, અને જો દંડ ન ભરે તો દિન-૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી વતી ઓથોરોટી આધારે હાજર રહેનાર વ્યક્તિ **શ્રી જીગ્નેશભાઈ જોઈતારામ પટેલ** દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯-૦૯-૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯-૦૯-૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
**CODE : GJ00966**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

F.M. Kadri,P.S.